eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 237**
**July 16, 2010**

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૦૭.૦૭.૨૦૧૦ ના રોજ ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગ ઉપવન), ચોકબજાર, સુરત ખાતે વર્ષાગીત સ્પર્ધાનું આયોજન



વર્ષાના આગમનને વધાવવા સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૭.૦૭.૨૦૧૦ના રોજ ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગ ઉપવન), ચોકબજાર, સુરત ખાતે વર્ષાગીત સ્પર્ધા યોજવામાં આવી હતી ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૨/૦૭/૨૦૧૦ ના રોજ ૬૧ મો વન મહોત્સવની ઉજવણી



"સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ની ઉજવણી અંતર્ગત ૬૧ મો વન મહોત્સવની ઉજવણી નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમના આયોજન માટે સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૨/૦૭/૨૦૧૦ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે સાયન્સ સેન્ટર, સીટીલાઈટ રોડ, સુરત ખાતે શહેરની વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાની અધ્યક્ષતામાં મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## માહે જુન ૨૦૧૦–૧૧ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમા જુન માસ દરમ્યાન ૩૩૨૪ ઈન્ડોર તથા ૩૫૩૩૬ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકાનાં સા.વે.(અઠવા) ઝોનના વી.બી.ડી.સી. વિભાગના ચોમાસા દરમ્યાન મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ રોકથામ માટે "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" વિરોધી માસ અભિયાન અંતર્ગત રાખવામાં આદરેલી સઘન ઝુંબેશ

સુરત શહેરમાં ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છર જન્ય રોગચાળા ની પરિસ્થિતિ વકરે નહિં તે હેતુસર મ્યુ.કમિશ્નરશ્રીના આદેશાનુસાર સા. વે. ઝોન (અઠવા) સંલગ્ન વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીનો આરંભ કરી દીધેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## અઠવા ઝોનની કામગીરી

સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન માં આવેલ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર : ૧ (વેસુ) તથા ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર : ૨ (વેસુ) વિસ્તારમાં ૧૮ મીટરના રસ્તા પર આવેલ અભિષેક એપાર્ટમેન્ટ 'એ', 'બી','સી','ડી' અને 'ઈ' વિંગ તથા આગમ એન્કલેવની દુકાનોના માર્જીનની જગ્યામાં બનાવવામાં આવેલ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૦૭.૦૭.૨૦૧૦ ના રોજ ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગ ઉપવન), ચોકબજાર, સુરત ખાતે વર્ષાગીત સ્પર્ધાનું આયોજન

વર્ષાના આગમનને વધાવવા સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૭.૦૭.૨૦૧૦ના રોજ ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગ ઉપવન), ચોકબજાર, સુરત ખાતે વર્ષાગીત સ્પર્ધા યોજવામાં આવી હતી. સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી મંજુલાબેન સાવલિયા, સભ્યશ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા, શ્રીમતી અરૂણાબેન દેસાઈ, ન.પ્રા.શિક્ષણ સમિતિના સભ્યશ્રી રાજેશભાઈ બોડીવાલાએ નિર્ણાયકોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ મળી કુલ ૭૭ જેટલી શાળાઓના બાળકોએ પૂરી તન્મયતાથી વર્ષાગીતો ગાયાં હતાં. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.





| વિજેતા ક્રમ | પ્રાથમિક વિભાગ | માધ્યમિક વિભાગ |
|---|---|---|
| પ્રથમ | પી.પી.સવાણી વિદ્યાભવન, હીરાબાગ | પી.પી.સવાણી વિદ્યાભવન |
| દ્વિતીય | ધી ડાયમંડ જ્યુબીલી બેંક પ્રા.શાળા | રૂ.સી.મા.પુણાવાલા એકસપેરિમેન્ટલ સાર્વજનિક હાઈસ્કૂલ |
| તૃતીય | આર.બી.ઘામી વિદ્યાલય | શ્રીમતી એલ.પી. સવાણી વિદ્યાલય |
| આશ્વાસન વિજેતા | ૧) ઈશ્વર પેટલીકર પ્રાથમિક શાળા–૧૬<br>૨) શ્રીમતી જયોત્સનાબેન શુકલ પ્રાથ. શાળા–૧૨૦<br>૩) સનગ્રેસ વિદ્યાલય<br>૪) સદ્ભાવના વિદ્યાલય<br>૫) શ્રીમતી એલ.પી. સવાણી વિદ્યાલય<br>૬) સરદાર પટેલ વિદ્યાલય | ૧) અંબાબા હરિપરા ગર્લ્સ ઈંગ્લિશ સ્કૂલ<br>૨) આર.બી.ઘામી વિદ્યાલય<br>૩) જી.એન્ડ જી. વી.કડીવાલા હાઈસ્કૂલ |

આ સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી મંજુલાબેન સાવલિયા, ઉપાધ્યક્ષા શ્રીમતી રાજુલબેન દેસાઈ, શ્રીમતી અરૂણાબેન દેસાઈ, ન.પ્રા.શિક્ષણ સમિતિના સભ્યશ્રી રાજેશભાઈ બોડીવાલાના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ (લ્હાણી) અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સર્વશ્રી સમીરભાઈ જાદવ, શ્રીમતી હીરાબેન ત્રિવેદી, શ્રી ધરમભાઈ વાંકાણી, શ્રીમતી પ્રજ્ઞાબેન વૈદ્યએ સેવા આપી હતી. આ પ્રસંગે શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વર્ષાગીતો માણ્યાં હતાં.

TOP

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૨/૦૭/૨૦૧૦ ના રોજ ૬૧ મો વન મહોત્સવની ઉજવણી





"સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ની ઉજવણી અંતર્ગત ૬૧ મો વન મહોત્સવની ઉજવણી નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમના આયોજન માટે સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૨/૦૭/૨૦૧૦ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે સાયન્સ સેન્ટર, સીટીલાઈટ રોડ, સુરત ખાતે શહેરની વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાની અધ્યક્ષતામાં મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. મીટીંગની શરૂઆતમાં મ્યુ.કમિશ્નરશ્રી એસ.અપર્ણાએ સર્વેને આવકારી, આ કાર્યક્રમની ભૂમિકા દર્શાવી એક જ દિવસમાં અંદાજે ૧,૨૫,૦૦૦ રોપાઓનું વૃક્ષા રોપણના લક્ષ્યાંકનો ઉલ્લેખ કર્યો હતો. ત્યાર બાદ સુરત મહાનગરપાલિકાના ગાર્ડન વિભાગ દ્વારા અને ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા અર્બન ફોરેસ્ટ્રી ઉપર તૈયાર કરવામાં આવેલ પ્રેઝન્ટેશન દર્શાવવામાં આવ્યું હતું. અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી એચ. એસ. સિંઘએ સુરતના ટીમ્બર એસોસીએશનને આ અભિયાનમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી પ્રદિપ ખન્નાએ કાર્બન બજેટનો ઉલ્લેખ કરી રાજય અને દેશમાં સુરત મહાનગરપાલિકા આ અભિયાનમાં એક દાખલા રૂપ કામગીરી કરે તેવું આહવાન કર્યુ હતું. મ્યુ.કમિશ્નર કુ. એસ. અપર્ણાએ રોક ફેડરલ ફાઉન્ડેશન ન્યુર્યોક સંસ્થા દ્વારા કલાઈમેટ ચેન્જની અસર બાબતે એશિયાના ૧૦ પ્રદેશો પૈકી ભારતના ૩ પ્રદેશની પંસદગી થઈ છે. જેમાં ગોરખપુર, ઈંદોર અને સુરતના સમાવેશનો ઉલ્લેખ કરી ગુજરાત સરકારે આ અભિયાન માટે સુરત પર ઉતારેલ પસંદગીને સફળ બનાવવા ખાતરી આપી હતી. મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ સુરત શહેરની જનતાને પોતાની વર્ષગાંઠ નિમિતે યોજાતા કાર્યક્રમમાં પોતાના આગણાંમાં એક વૃક્ષ રોપી તેનું જતન કરવા અનુરોધ કર્યો હતો. જેથી આવનાર પેઢી માટે હરીયાળા સુરતનો માહોલ બની શકે. અંતમાં નાયબ વન સંરક્ષકશ્રી એફ.એલ. ખોબુંગે તમામ ઉપસ્થિતોનો આભાર માન્યો હતો અને આગામી ૨૪ જુલાઈના રોજ માસ પ્લાન્ટેશન ડે તરીકે આ દિવસને ઉજવી વન મહોત્સવની ઉજવણીના કાર્યક્રમને સફળ કરવા જણાવ્યું હતું. સુરત મહાનગરપાલિકાને ડે.કમિશ્નરશ્રી પી.જે.ઝાલા અને સામાજીક વનીકરણ વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી એફ.એલ.ખોબુંગે આ અભિયાનનું સંયુકત રીતે આયોજન કરશે. કાર્યક્રમના સ્થળે ઉપસ્થિત રહેલ સરકારશ્રીના વિવિધ વિભાગો, શહેરની વિવિધ સંસ્થાઓ જેવી કે કલબો, શૈક્ષણિક સંકુલો, ધાર્મિક સંસ્થાઓ, પર્યાવરણલક્ષી સંસ્થાઓ, ઓદ્યોગિક એકમો, દરેક ઝોનમાં આવેલ અંદાજે ૧૧૦ મોટી હાઉસિંગ સોસાયટીઓ અને જે દરેક સોસાયટી દીઠ ૧૦૦ થી વધુ રોપાઓનું વૃક્ષારોપણ કરશે. સુરત મહાનગરપાલિકાના મોટા પ્લોટો, ડ્રેનેજ પંપીગ સ્ટેશનો, કોસાડ ઈ.ડબલ્યુ. એસ. કવાર્ટસ મળી કુલ ૭૫,૦૦૦ રોપાઓનું વૃક્ષારોપણ કરવાનો અંદાજ છે. ઉપસ્થિત તમામ સંસ્થાઓએ ફોર્મ ભરીને અંદાજે ૧૧૦ સોસાયટીઓએ વૃક્ષો રોપવા માટે કટિબધ્ધતા દર્શાવી હતી. સદર મીટીંગમાં ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણી, કલેકટરશ્રી એ. જે.શાહ, શાસક પક્ષ નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, ગાર્ડન સમિતિના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન પરમાર વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

TOP

## માહે જુન ૨૦૧૦–૧૧ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમા જુન માસ દરમ્યાન ૩૩૨૪ ઈન્ડોર તથા ૩૫૩૩૬ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૬૫૦ તથા ૪૫૬ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૬૪૯૨ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૪૬૮ અને જુના ૩૪૩ દર્દીઓ સહીત કુલ ૮૧૧ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૩૯૬ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૦૬૫ તથા આંખ વિભાગમાં ૨૧૫૦ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૧૭૨૧ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સુરત મહાનગરપાલિકાનાં સા.વે.(અઠવા) ઝોનના વી.બી.ડી.સી. વિભાગના ચોમાસા દરમ્યાન મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ રોકથામ માટે "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" વિરોધી માસ અભિયાન અંતર્ગત રાખવામાં આદરેલી સઘન ઝુંબેશ

સુરત શહેરમાં ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છર જન્ય રોગચાળા ની પરિસ્થિતિ વકરે નહિં તે હેતુસર મ્યુ.કમિશનરશ્રીના આદેશાનુસાર સા. વે. ઝોન (અઠવા) સંલગ્ન વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીનો આરંભ કરી દીધેલ છે. સદર કામગીરીના ભાગરૂપે ઝોનના વડાશ્રી પ્રદિપસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેરશ્રી એ.જી.ખાટીવાલાની સુચના મુજબ તા.૧૪/૭/૨૦૧૦ના રોજ મચ્છર જન્ય પરિસ્થિતિના અટકાયતના ભાગરૂપે અઠવાઝોનના વી.બી.ડી.સી. વિભાગની ૦૫(પાંચ) ટીમ બનાવી વેસુ વિસ્તારમાં આવેલ બાંધકામમાં મચ્છરની ઉત્પતિ બાબતે ઘનિષ્ઠ સર્વેલન્સની કામગીરીની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. આ ઝુંબેશ દરમ્યાન ઋષિ વિહાર હાઈટસ, સન ચેરિઓટ(પીટીસી કોલેજની બાજુમાં), સન સ્તુતી(રત્ન વિલાસ પાસે), રત્ન વિજય, રાજમંદિર પ્લાઝા, રુદ્રમ રેસીડન્સી, ગેટ વે કોમ્યુન, શ્યામ સંગીની, ડ્રીમ હેરીટેજ, કેનલ વોક,શ્યામલ, ડ્રીમ હાઉસ, રત્ન પંચમ, બનવારી, એસ.ડી.જૈન સ્કુલ બાંધકામ, એસ.એમ.સી., ઈ.ડ.એસ. કવાર્ટસ, પ્રાઈમ પેલેસ, કેશવ કુંજ, મણી ભદ્ર, સ્વસ્તિક વિહાર, રોયલ રિજન્સી, ડ્રીમ હોમ, મે ફલાવર, સૂર્યા રેસીડન્સી, સન ટ્રસ્ટ–આગમ એન્કલેવ સામે બંગલો, પ્લેટિનમ પ્લાઝા, આગમ આર્કેડ, શુભ એન્કલેવ, રવિ રત્નમ આમ કુલ–૨૭ બાંધકામોમાં અગાઉ તમામ બિલ્ડર કોન્ટ્રાકટરોને નોટીસ આપવામાં આવેલ હોવા છતાં મચ્છરની ઉત્પતિ જોવા મળેલ. આમ સર્વે દરમ્યાન કુલ ૯૨ બ્રિડીંગ મળી આવતાં તેનો નાશ કરવામાં આવેલ તેમજ બાંધકામનની કામગીરી દરમ્યાન મચ્છરોની ઉત્પતિ રોકવા બાબતે બેકાળજી દાખવનારા કુલ–૨૧ બાંધકામના માલિકો પાસેથી કુલ રૂા.૧,૦૫,૦૦૦/– વહીવટી વસુલાત લેવામાં આવેલ. વધુમાં બાંધકામોમાં કામ કરતાં મજુરોના કુલ–૨૧ લોહીના નમૂના મેલેરીયા નિદાન માટે લેવામાં આવેલ.

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ બાંધકામના સ્થળોએ મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગરપાલિકા, વી.બી.ડી.સી. વિભાગનાં આસી. જંતુનાશક અધિકારી તેમજ કર્મચારીઓ તરફથી આપવામાં આવતી સુચનાઓનું પાલન કરવા અને સંપૂર્ણ સહકાર આપવા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનોનાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વધુમાં વધુ કડક હાથે કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેની જાણ કરવામાં આવે છે.

TOP

## અઠવા ઝોનની કામગીરી

સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન માં આવેલ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર : ૧ (વેસુ) તથા ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર : ૨ (વેસુ) વિસ્તારમાં ૧૮ મીટરના રસ્તા પર આવેલ અભિષેક એપાર્ટમેન્ટ 'એ', 'બી','સી','ડી' અને 'ઈ' વિંગ તથા આગમ એન્કલેવની દુકાનોના માર્જીનની જગ્યામાં બનાવવામાં આવેલ પતરાના શેડ તથા એન્ગલોનું ગેરકાયદેસર દબાણ દુર કરવાની કામગીરી તા.૧૨/૦૭/૨૦૧૦ ના રોજ સાઉથ–વેસ્ટ(અઠવા) ઝોન, સુરત મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. સ્થળ ઉપર દુકાનધારકો પાસેથી રૂા.૧૮,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનનાં ટેકનીકલ સ્ટાફ, દબાણ ખાતાનો સ્ટાફ તથા વાહનોની મદદથી પાર પાડવામાં આવેલ છે.

TOP